# આ વર્ષે પણ મગફળીના ભાવ મજબૂત રહેવાની સંભાવના

ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષની જેમ આ વર્ષે પણ ચોમાસું સારૂ રહ્યું. જૂનના બીજા સપ્તાહમાં ચોમાસુ સમયસર બેસી ગયેલ અને મગફળીનું વાવેતર ૧૭.૦૯ લાખ હેક્ટર જેટલું થયેલ, તેમજ જુલાઈ, ૨૦૨૨ ના ત્રીજા સપ્તાહ માં મહદઅંશે પુર્ણ થયેલ, જે ગત વર્ષ ૨૦૨૧–૨૨ (૧૯.૨૭ લાખ હે.) કરતા બે લાખ હેક્ટર જેટલું ઓછું રહેલ. વરસાદની વહેચણી સમયાન્તરે સામન્ય રહી, જેથી સારા પાક ઉત્પાદનની સંભાવના છે. ગુજરાતમાં ચાલું વર્ષે ખરીફ મગફળીનું ઉત્પાદન ૩૯.૧૭ લાખ ટન જેટલું થવાનો અંદાજ છે, જે ગત વર્ષે ૪૩.૫૯ લાખ ટન જેટલું હતું (પ્રથમ આગોતરો અંદાજ તા. ૨૯–૦૮–૨૦૨૨). જો કે, સપ્ટેમ્બર, ૨૦૨૨ ના ત્રીજા સપ્તાહમાં પડેલો છેલ્લો વરસાદ ઉપજમાં વધુ ફાળો આપશે અને ઉત્પાદન ગયા વર્ષ જેટલું જ અથવા તેનાથી થોડું વધારે થઈ શકે છે.

દેશમાં ચાલું વર્ષે ખરીફ મગફળીનું ઉત્પાદન ગત વર્ષ જેટલું જ અંદાજે ૮૩.૬૯ લાખ ટન (પ્રથમ આગોતરો અંદાજ તા. ૨૧–૦૯–૨૦૨૨) જેટલું થશે. રવિ ઋતુ સહિત દેશમાં ગત વર્ષે ૫૭ લાખ હેક્ટર વિસ્તારમાંથી ૧૦૧ લાખ ટન મગફળીનું ઉત્પાદન થયેલું હતું.

સારી સ્થાનિક માંગના પગલે વર્ષ ૨૦૨૧–૨૨ માં માત્ર ૫.૧૪ લાખ ટન મગફળીની નિકાસ થયેલી હતી, જે વર્ષ ૨૦૨૦–૨૧ માં ૬.૩૯ લાખ ટન જેટલી હતી અને ચાલું વર્ષમાં તે લગભગ ૭ લાખ ટન થશે. આથી મગફળીના ભાવ જે ઓક્ટોબર–ડિસેમ્બરમાં મણના રૂ|. ૧૧૦૦ જેટલા હતા, જે સતત વધીને માર્ચ ૨૦૨૨, માં રૂ|. ૧૨૦૦ અને મે માં મણના રૂ|.૧૨૫૦ થયા અને ઓગસ્ટ ૨૦૨૨માં રૂ|. ૧૩૦૦ થી પણ વધારે થયેલ હતા. હાલમાં ગુજરાતની વિવિધ બજાર માં મગફળીનો સરેરાશ ભાવ મણના રૂ|. ૧૧૫૦ જેટલો પ્રવર્તમાન છે, જે કાપણીની સિઝનમાં હાલની સપાટીએ જ થોડી વધ–ઘટ સાથે રહેવાની શક્યતા છે. સને ૨૦૨૨–૨૩ માટે સરકારશ્રી એ મગફળીનો ટેકાનો ભાવ મણના રૂ|. ૧૧૭૦ (ક્વિન્ટલ દીઠ રૂ|. ૫૮૫૦ ) નક્કી કરેલ છે, જે ગત વર્ષે મણદીઠ રૂ|. ૧૧૧૦ હતો.

ગત વર્ષ ૨૦૨૧–૨૨ માં દેશમાં તેલીબિયાનું કુલ ઉત્પાદન આશરે ૩૭૭ લાખ ટન થયેલ હતું. જે અગાઉના વર્ષની સરખામણીમાં ૫ ટકા વધારે હતુ. વર્તમાન ખરીફ તેલીબિયાંનું ઉત્પાદન ૨૩૬ લાખ ટન થવાનો અંદાજ છે, જે પાછલા વર્ષ (૨૩૯ લાખ ટન) કરતા ૩ લાખ ટન જેટલું ઓછું છે. વર્ષ ૨૦૨૧–૨૨ માં દેશમાં ખાદ્યતેલની આયાત ગત વર્ષ જેટલી જ ૧૩૫ લાખ ટન થયેલ હતી. ચાલું વર્ષે એપ્રિલ થી ઓગષ્ટ, ૨૦૨૨ સુધીમાં ૫૪ લાખ ટન ખાદ્યતેલની આયાત થયેલ છે.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની સંશોધન ટીમે ગોંડલ અને રાજકોટ માર્કેટિંગ યાર્ડનાં મગફળીના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જેના તારણો મુજબ એવું અનુમાન છે કે **મગફળીનો ભાવ ઓક્ટોબર થી ડીસેમ્બર, ૨૦૨૨ દરમ્યાન (કાપણી સમયે) મણનાં રૂ|. ૧૧૪૦ થી ૧૨૪૦ (ક્વિન્ટલદીઠ રૂ|. ૫૭૦૦–૬૨૦૦) રહેવાની સંભાવના છે.** જે થી ઉપરોક્ત બાબતો અંગેની નોંધ લઈ, મગફળીનો સંગ્રહ કરવા, તેમજ ડિસેમ્બર, ૨૦૨૨ પછી વેંચાણ કરવા ખેડૂતભાઈઓ પોતાની રીતે નિર્ણય કરી શકે છે. જે ખેડૂતભાઈઓને મગફળીનો સંગ્રહ કરવો પરવડે તેમ ન હોય, તેવો ટેકાના ભાવે (માર્કેટ યાર્ડમાં) ખરીદ કેન્દ્રો ખાતે વેચાણ કરે.

જો સરકારશ્રી દ્વારા નિકાસને પ્રોત્સાહન અને ખાદ્યતેલની આયાત ઉપર નિયંત્રણ રાખવા ઉંચી આયાત કરની નીતિ ચાલું રાખવામાં આવશે, તો ગત વર્ષની જેમ જ આ વર્ષે પણ મગફળીના ભાવમાં વધારો થવાની સંભાવના રહેલી છે.